# ગાંધીનગરની પાંચેય બેઠકો પર ભગવો લહેરાયો

## જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર ભાજપનો પાંચેય બેઠકો પર ઝળહળતો વિજય : ગાંધીનગર (ઉત્તર)માં ભાજપની ઐતિહાસિક સરસાઈ







ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાના નવા સીમાંકન પછી પ્રથમવાર પાંચેય બેઠક પર કમળ ખીલતાં આખો જિલ્લો કેસરીયો પુરવાર થયો છે.

જિલ્લાની પાંચેય બેઠકો પર આજે ભાજપે ઐતિહાસિક વિજય હાંસલ કરી એક નવો વિક્રમ સર્જ્યો છે. જિલ્લામાં આમ તો ત્રિકોણીય જંગ હતો પરંતુ સીધી સ્પર્ધા ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહી છે.

આજે જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસને ત્રણ બેઠકોનું નુકશાન ૨૦૧૭ની તુલનામાં થયુ છે. હવે જિલ્લામાં પાંચેય બેઠકો પર ભાજપના વિજયને પગલે વિકાસનાકામો વેગીલા બનશે તેવી ચર્ચાઓ મતગણતરી કેન્દ્રો પર એકત્રીત થયેલા સમર્થકો ચર્ચા કરતા જોવા મળ્યા હતા.

જિલ્લામાં સૌથી વધુ સરસાઈ ભાજપે ગાંધીનગર (દ)માં મેળવી છે જે ૪૩૦૬૪ મતની થાય છે, જ્યારે સૌથી ઓછી સરસાઈ કલોલ બેઠક પર ભાજપના લક્ષ્મણસિંહ(બકાજી) ઠાકોરે ૫૭૩૩ મતની મેળવી છે.

માણસા બેઠક પર ભાજપના જે.એસ. પટેલે ૩૯,૨૬૬ મતની, ગાંધીનગર (ઉ) બેઠક પર ભાજપના રીટાબેન પટેલે ૨૬,૧૧૧ મતની અને દહેગામ બેઠક પર બલરાજસિંહ ચૌહાણે ૧૬,૧૭૩ મતની સરસાઈ મેળવી છે.

જિલ્લામાં આજે મતગણતરી દરમ્યાન ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) બેઠક એ બે બેઠકો જ એવી હતી જેમાં કોંગ્રેસના ઉમેદવારોએ પોષ્ટલ બેલેટમાં ભાજપ પર સરસાઈ મેળવી હતી.

આજની મતગણતરીમાં ઉત્તેજનાઓ કલોલ બેઠક પર જોવા મળી હતી જેમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે નેક ટુ નેક સ્પર્ધા જોવા મળી હતી જો કે અંતે લક્ષ્મણસિંહ (બકાજી) ઠાકોર વિજયી જાહેર થયા હતા.

આજે સવારે ૮ વાગે રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે મતગણતરીનો આરંભ થયો હતો. અડધા કલાક પછી ઈ.વી.એમ.ની ગણતરી શરૂ થઈ હતી.

ગાંધીનગર (ઉ) બેઠક પર પ્રથમ બે રાઉન્ડમાં કોંગ્રેસે સરસાઈ મેળવી હતી જો કે આ પછી ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલે સરસાઈ લેવાની શરૂઆત કરી હતી તે છેક સુધી જાળવી રાખી હતી.

દહેગામ બેઠક પર ભાજપના બલરાજસિંહ ચૌહાણે કોંગ્રેસના વખતસિંહ પર પ્રથમ રાઉન્ડથી જ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કોને કેટલા મત મળ્યા

| વિસ્તાર | ભાજપ | કોંગ્રેસ | આપ | સરસાઈ |
|---|---|---|---|---|
| ગાંધીનગર(ઉ) | રીટાબેન પટેલ ૮૦૬૨૩ | વિરેન્દ્રસિંહ વાઘેલા ૫૪૫૧૨ | મુકેશ પટેલ ૧૬૬૨૦ | ૨૬૧૧૧ |
| ગાંધીનગર(દ) | અલ્પેશ ઠાકોર ૧,૩૪,૦૫૧ | હિમાંશુ પટેલ ૯૦,૯૮૭ | દોલત પટેલ ૧૧,૧૯૫ | ૪૩૦૬૪ |
| દહેગામ | ચૌહાણ બલરાજસિંહ ૭૫૧૩૩ | ચૌહાણ વખતસિંહ ૫૮૯૬૦ | સુહાગ પંચાલ ૧૨,૩૯૪ | ૧૬૧૭૩ |
| માણસા | જયંતી પટેલ ૯૮,૧૪૪ | બાબુસિંહ ઠાકોર ૫૮,૮૭૮ | ભાસ્કર પટેલ ૨૯૬૫ | ૩૯,૨૬૬ |
| કલોલ | ઠાકોર બકાજી ૮૬,૧૦૨ | બળદેવજી ઠાકોર ૮૦,૩૬૯ | કાન્તી ઠાકોર ૨૦૬૯ | ૫૭૩૩ |

## ભાજપે ટકાવારીમાં પણ સરસાઈ નોંધાવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક પર ભાજપે ૫૦ ટકા કરતાં વધુ મત મેળવ્યા છે. ઓછા મતદાન વચ્ચે પણ ભાજપને મળેલ મતોની ટકાવારીમાં જે સરસાઈ મેળવી છે તે એક તબક્કે કોંગ્રેસનો ગઢ ગણાતા કોંગીના આગેવાનો માટે ચિંતા સમાન છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર ભાજપે ૫૧.૨૫ ટકા માન્ય મતના તો કોંગ્રેસે ૩૪.૬૫ ટકા કુલ મત મેળવ્યા છે. આમ આદમી પાર્ટીએ ૧૦.૫૬ ટકા મત મેળવ્યા છે.

દહેગામ બેઠક પર ભાજપના ઉમેદવારો કુલ મતના ૪૯.૨૬ ટકા, કોંગ્રેસના ઉમેદવારે ૩૮.૬૫ ટકા અને આમ આદમી પાર્ટીએ ૮.૧૩ ટકા મેળવ્યા છે. કલોલ બેઠક પર ભાજપના ઉમેદવારે ૪૯.૪૧ ટકા, કોંગ્રેસના ઉમેદવારે ૪૬.૧૨ ટકા, આમ આદમી પાર્ટીએ ૧.૧૯ ટકા મત માન્ય મતના મેળવ્યા છે.

ગાંધીનગર (દ) બેઠક પર ભાજપના ઉમેદવારે માન્ય મતના ૫૪.૫૯ ટકા, કોંગ્રેસના ઉમેદવારે ૩૭.૦૫ ટકા તો આમ આદમી પાર્ટીએ ૪.૫૬ ટકા મત મેળવ્યા છે.

માણસા બેઠક પર માન્ય મતના ભાજપે ૫૯.૨૯ ટકા, કોંગ્રેસે ૩૫.૫૭ ટકા અને આમ આદમી પાર્ટીએ ૧.૭૯ ટકા મત મેળવ્યા છે.

## નોટાને ૧૪,૩૭૦ મત મળ્યા

### એક ટકા કરતાં પણ વધુ મત નોટાને ચિંતાજનક

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર કુલ ૧૪,૩૭૦ મત નોટાને મળ્યા છે.

જિલ્લામાં સૌથી મોટો મતદાર અને વિસ્તારની દષ્ટિએ ગણાતી ગાંધીનગર (દ) બેઠક પર ૪૪૪૨ મત નોટાને મળ્યા છે.

આ પછી દહેગામ બેઠક પર ૨૬૮૯ મત, ગાંધીનગર (ઉ) બેઠક પર ૨૬૧૩ મત, કલોલ બેઠક પર ૨૩૯૪ મત અને માણસા બેઠક પર ૨૨૩૨ મત નોટાને મળ્યા હતા.

ટકાવારીની દષ્ટિએ જોઈએ તો ગાંધીનગર (દ)માં ૧.૮૧ ટકા, દહેગામમાં ૧.૭૬ ટકા, ગાંધીનગર (ઉ)માં ૧.૬૬ ટકા, કલોલમાં ૧.૩૭ ટકા અને માણસામાં ૧.૩૫ ટકા મત પડ્યા છે. આ ટકાવારીમાં ઓછો ગણાતો આંક ભલે હોય પણ તેનુ પ્રમાણ વધુ અને ચિંતાજનક કહી શકાય. રાજકીય પંડિતોના મતે આ બાબત પક્ષોએ ગંભીરતાથી લેવી જોઈએ. જિલ્લાની પાંચેય બેઠકો પર સરસાઈથી વિજય જેટલો મહત્વનો છે તેટલી જ નોટાની કિંમત પણ ગંભીર છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌથી વધુ લીડ સાથે ભવ્ય જીત

### ભાજપના ૧૦ ઉમેદવારો ૧ લાખથી પણ વધુ વોટથી જીત્યા : ૪૧ સીટો પર ૫૦ હજારથી વધુ વોટથી જીત

ગાંધીનગર, તા. ૮

ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરી છે. ૧૫૬ સીટો ભાજપે કબ્જે કરી ભવ્ય જીત મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧,૯૨,૨૬૩ વોટ મેળવી સૌથી વધુ મત સાથે જીતવાનો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.



ભાજપના ઉમેદવારોએ વિરોધી પક્ષના ઉમેદવારોને રીતસર પછાડી દીધા છે. ભાજપના ૧૦ ઉમેદવારો તો એવા છે કે જેમણે ૧ લાખથી પણ વધુ વોટથી જીત મેળવી છે જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ૧,૯૨,૨૬૩ મત, ચોર્યાસી બેઠકના ઉમેદવાર સંદિપભાઈ દેસાઈને ૧,૮૧,૮૪૬ મત, મજુરા બેઠકના

● અનુસંધાન પાન-૭ પર


## ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, ગાંધીનગર ખાતે વાણિજ્ય હેતુ માટે માન્યતા ધરાવતા એકમાત્ર પરિસર ખાતે જગ્યા ભાડે આપવા બાબત (બેંક, ઓફિસ, એ.ટી.એમ., કુરીયર)

(જાહેર નિવિદા નંબર - ગેઝીયા/૨૦૨૨-૨૩/૦૦૩)

ગેઝીયા, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, જીઆઈડીસી, ગાંધીનગર કે જે ૫૦૦ જેટલા સક્રિય ઔદ્યોગિક એકમોની મધ્યમાં અને ૧૨૦૦ જેટલા રહેણાંક વિસ્તારની ખૂબ નજીક આવેલ કોમન ફેસીલીટી સેન્ટરના પ્રથમ માલે બેંક તથા ઓફિસને અનુરૂપ (32.10 (W) x 59.8 (L) = 1920) ચો. ફૂટ અને ગ્રાઉન્ડ ફ્લોર પર એ.ટી.એમ. તથા કુરીયર ઓફિસને અનુરૂપ (7.0 (W) x 12 (L) = 84) ચો. ફૂટ તેમજ અન્ય વાણિજ્યક હેતુ માટે જગ્યા ભાડે / લીઝથી આપવાની છે. રસ ધરાવતા ઈજારદારો તરફથી ઓફર્સ આવકાર્ય છે.

એ.સી. કોન્ફરન્સ હોલ*

એ.સી. ઓડિટોરીયમ હોલ*

પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ વોશરૂમ

Gezia – Gandhinagar Electronics Zone Industries Association

સ્ટાફ તથા મુલાકાતીઓ માટે પાર્કીંગ

કેન્ટીન

અલગ ઈલેક્ટ્રીક મિટર

રેમ્પની સુવિધા ઉપલબ્ધ છે

- એ.સી. કોન્ફરન્સ તથા ઓડિટોરીયમ હોલની સુવિધા નિયત દરથી ઉપલબ્ધ થશે.
- એજન્ટ આવકાર્ય છે.

વિશેષ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

પ્રમુખ,
ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,
પ્લોટ નંબર : બી/૨૩/૨/૧ & ૨, ઈલે. એસ્ટેટ, સેક્ટર-૫, જીઆઈડીસી,
ગાંધીનગર - ૩૮૨૦૧૬. (મો.) - ૯૮૨૫૦ ૬૯૯૦૦. geziaonline@gmail.com


# ગાંધીનગરમાં વાદળિયા વાતાવરણ બાદ ઉગ્ર બનતી ઠંડી પારો ૧૨ ડીગ્રીએ

### આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે ઉતરી જાય તેવી સંભાવના

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે ઠંડીનો પારો હવે ધીમે ધીમે ઉગ્ર થઈ રહ્યો છે. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ વાદળિયા વાતાવરણના લીધે હવામાન પલ્ટા વચ્ચે ગમે ત્યારે માવઠુ થવાની પણ સંભાવના છે. જયારે હવે ઠંડીનુ જોર પણ વધશે. આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં થોડો વધારો થયો હતો જયારે આગામી દિવસોમાં હવે કાતિલ ઠંડી પડશે લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નીચે ઉતરી જશે ઠંડીના લીધે રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળે છે.

ગાંધીનગર ધીમે ધીમે આકરી ઠંડીની ગિરફતમા આવી રહ્યુ છે. ઠંડીની મોસમ જામી રહી છે. શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી રહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા ધર્મપત્ની **ગંગાબેન અંબાલાલ પટેલ**
(ગામ : પડુસ્મા, તા. માણસા)
તા. ૩-૧૨-૨૦૨૨ શનિવારના રોજ વૈકુંઠ પામેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૯-૧૨-૨૦૨૨ શુક્રવારે
સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : સ્વામિનારાયણ ગુરૂકુળ, કોટેશ્વર ગામ,
મધર ડેરીની પાછળ, ઈન્દિરા બ્રીજ પાસે, અમદાવાદ. મો.૯૩૨૮૭૮૪૫૫૧

| | |
|---|---|
| અંબાલાલ કરસનદાસ પટેલ (પતિ) | વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ (પુત્ર) |
| જગદીશભાઈ અંબાલાલ પટેલ (પુત્ર) | બીપીનચંદ્ર અંબાલાલ પટેલ (પુત્ર) |
| મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (પુત્ર) | (પૂર્વ કાઉન્સીલર, અસારવા) |

ઉપપ્રમુખ : કડવા પાટીદાર સમાજ
ઉમિયા મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર

ફર્મ : શક્તિ ટ્રેડર્સ, ગાંધીનગર ♦ બ્રહ્માણી હાર્ડવેર, દરિયાપુર





Stylish and spacious interiors

2nd Row - one touch tip tumble captain & split seats

Bose premium sound system (8 speakers)

Voice enabled smart panoramic sunroof

Surround view monitor with 360° camera

**Powertrain options :** 1.5 l diesel CRDi & 2.0 l petrol MPi with 6MT & 6AT
**Fuel economy:** diesel (20.4~ kmpl – MT) & petrol (14.5~ kmpl – MT)
Bluelink connected car technology comes with Over The Air (OTA) map updates. 16 map updates in 8 years.

*For CSD, Government and Corporate Requirements, contact Mr. Joseph Fernandes at jfernandes@hmil.net or 9920209565

HYUNDAI

To know more, give a missed call on 9555295868 | 3 Year Unlimited** Kilometer Warranty | 3 Years road side assistance (RSA) 3 Years free Bluelink subscription | Lowest cost of maintenance## | Hyundai Mobility Membership | Hyundai Cl!ck to Buy | Up to 100% on - road funding.* Lowest rate of interest starting @ 7.25%.* Minimal processing fee - as low as nil.*

*Terms & Conditions apply. Features & specifications shown may not be part of standard fitment & are subject to change without prior notice. Functionality of Bluelink depends on adequate power supply and uninterrupted network connectivity to infotainment system. The Bluelink system is designed in such a way that it makes vehicle theft difficult if its circuit and battery connection is uninterrupted. ##Hyundai ALCAZAR (Petrol) has lowest average yearly periodic maintenance service cost starts at ₹3 156 for 5 years in Kalyan. Source: Cardekho.com. ~As per ARAI test result. Loan is at the sole discretion of financier. Visit your nearest Hyundai dealership for more details. Hyundai urges you to follow traffic rules – these are meant to keep you safe on roads.

**PUNJAB HYUNDAI : Gandhinagar :** Ph. 78200 03300, **Kalol :** Ph. 98250 48137, **Dehgam :** Ph. 98250 42175, **Kudasan :** Ph. 9825035561


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com